Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal May. 2021, Year - 7 (97)
www.researchreviewonline.com Paper ID: RRJ319623

# ગ્રામીણ ભારતનો ઈતિહાસ

સંશોધક
ડૉ. પંકજ શ્રીમાળી
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
શ્રીમતી લક્ષ્મીબેન અને શ્રી ચીમનલાલ મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદ

---

લોકશાહી પ્રથામાં લોકોની માંગણીનું વિકાસ અને પ્રભાવમાં હિસ્સેદારીની ઝંખના નું માત્ર ટોચના તંત્રમાં જ કેન્દ્રિત ન થવું જોઈએ. જો વધુ પડતું કેન્દ્રીકરણ હશે તો લોકોમાં તણાવ અને અસંતોષ વધતો જશે. અને કેન્દ્ર સાકાર આમે સંઘર્ષ ઊભો થશે. સંઘર્ષ નું કેન્દ્રીકરણ થાય તો શાસન સામે પ્રજાકીય દબાણ વધશે અને આ પ્રજાકીય દબાણ ને પહોંચવા સરકાર વધુ ને વધુ આપખુદ બનશે. આથી સંભવિત સંઘર્ષ ની ઘટનાઓને વિખેરી નાખવા માટે પણ કેન્દ્રીકરણ ની નીતિ જરૂર છે. જેથી એક સ્વસ્થ સમાજ રચી શકાય તેમજ વિકેન્દ્રીકરણ ને કારણે અમુક સ્થાનિક સંસ્થાઓની ભૂલો કે નિષ્ફળતા ઓ તે વિસ્તાર પૂરતી જ મર્યાદિત રહેશે. આમ, ભારતમાં સત્તાના વિકેન્દ્રીકરણ માટે સ્થાનિક સ્વ શાસન નો જન્મ થયો છે. જેની શરૂઆત ગામથી થાય છે. જેના વિષે આપણે જાણીએ.

ભારત ‘ખેતીપ્રધાન’ દેશ છે. તેવી જ રીતે ‘ગ્રામપ્રધાન’ પણ છે. ઈ. સ.૧૯૭૧ માં વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું છેકે ભારતમાં ૮૦% લોકો ખેતી સાથે સંકળાયેલા છે. અને ૬ લાખ ગામડાઓ છે. છેક પ્રાચીન સમય થી ગામડું ભારતના વહીવટતંત્રનું સૌથી નાનું પણ મહત્વનું એકમ ગણાય છે. વેદો અને જાતક કથાઓમાં પણ પ્રાચીન ભારતના ગ્રામ જીવનની આધારભુત માહિતી મળે છે. મહાભારતન શાંતિ પર્વમાં ગ્રામ અને ઘોષનો ઉલ્લેખ આવે છે. આ મહાકાવ્યમાં દર્શાવવામાં આવ્યું છે કે વહીવટ પ્રથામાં દસ ગામો ના જૂથને દસ-ગ્રામી,વીસ ગામોના જુથને વીસ ત્રીસ સો ગામોના જૂથને અધિપાલ તરીખે ઓળખવામાં આવતા હતા. મનુસ્મૃતિમાં ગ્રામ,પૂર અને નગર જેવી ત્રણ પ્રકારની વસાહતોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેમજ શુક્રનીતિસારમાં



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ319623

કુંભ, પાલી અને ગ્રામ નામની વસાહતોનો ઉલ્લેખ છે. જેમા ગામ અને કુંભ અનુક્રમે વહીવટતંત્રના સૌથી નાના એકમો હતા. છેલ્લે મરાઠાઓ અને પેજવાઓએ ગાંડાઓને વહીવટીતંત્રના માન્ય એકમ ગણ્યા હતા.

ભારતમાં ‘ગામડા’ બાબતે એક વિશિષ્ટ અર્થ તારવવામાં આવ્યો છે. ‘ગામડું’ એટલે ફકત મકાનનું જુથ નહી, પણ રહેઠાણોની આસપાસ આવેલી ખેતીની જમીન, ગામની વચ્ચે આવેલો ચોરો,ચોતરફ આવેલા કૂવા અને ગામની પાદરે આવેલું તળાવ,તેની નજીકમાં આવેલ વનરાજી, તેનું ચોક્કસ સ્થાનિક નામ તથા સ્પષ્ટ સરહદો -આ બધા તેના જાણીતા લક્ષણો છે. તે જમાનામાં જે રીતે જીવન જીવાતું હતું. તથા સંદેશા વ્યવહાર અને વાહન વ્યવહાર ની અગવડ હતો. આર્યોએ જ્યારે દક્ષિણમાં પ્રવેશ કર્યો,ત્યાર પછી પણ આ પ્રકારનું ગ્રામજીવન ચાલુ રહ્યું હતું. બાહ્ય આક્રમણો જંગલીપ્રાણી ઓ કુદરતી આફતો વગેરે સામે લડવાની શક્તિ આ પ્રકારની ગ્રામરચનાને લીધે જ ઉદભવી ગાંડાઓની રચનાને કારણે સરકારોના ઘણા કામ સરળ થઈ જતા હતા.

ભારતના ગામડાઓ છૂટા છવાયા હતા. તેમજ આધુનિક વાહન વ્યવહાર અને સંદેશાવ્યવહારથી વંચિત હતા. જેથી સેવકો અને કારીગરોનો વર્ગ ઊભો થાય એ સ્વભાવિક છે. આ વર્ગને ગામના ધનવાન લોકો તરફથી આશ્રય મળતો હતો. આ માંથી માલિક અને સેવકની અરસપરસની સેવાઓની એક નવા જ પ્રકારની જળગુંથણી બની હતી. આ રીતની વ્યવસ્થા પાછળનો હેતુ ગામને પોતાની પ્રાથમિક જરૂરિયાતો બાબતે સ્વાવલંબી બનાવવાનો હતો. આવી જ રીતે ગામને પોતાની પ્રાથમિક જરૂરીયાતો બાબતે સ્વાવલંબી બનાવવાનો હતો. આવી જ રીતે ગામના વહીવટીતંત્ર માટે ગામના કર્મચારીઓનો એક નવો વર્ગ ઊભો થયો. તેઓ એક જ ગામમાં રહેતા અને તે ગામને જ પોતાની સેવા આપતા હતા. આથી, મોટા ભાગના લોકોની સેવાઓ વંશપરંપરાગત ચાલુ રહેતી. તેઓને પોતાની સેવા બદલામાં રોકડ રકમ, જીવન જરૂરી ચીજવસ્તુઓ કે જમીન મળતી. કૌટિલ્યના અર્થશાસ્ત્ર અને મનુ સ્મૃતિમાં વસ્તુ -વિનિમય પ્રથાનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. જુદા જુદા વર્ગો વચ્ચે ચાલતી ચીજવસ્તુઓની વિનિયમ પ્રથા અને સારા-માઠા પ્રસંગે કામ વહેચી લેવાની પ્રથાએ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ319623

ગામની જુદી જુદી કોમોને એકબીજા ઉપર આધાર રાખતી હતી. એટલું જ નહી,ગામડાને એક 'distinct entity' (આગવી પ્રતિભા) બક્ષી. આથી,આગળ જતાં એમનામાં 'સમુદાય'ની ભાવના જન્મી અને દરેક ગામ લોકોમાં પોતાના ગામ પ્રત્યે એક વિશિષ્ટ લાગણી ઊભી થઈ ,આજે પણ દરેક વ્યકિતમાં 'માદરે વતન'એ ભાવના દ્વારા વ્યક્ત થાય છે.

આ બધા કારણોને લીધે ભારતમાં ગામડું એક અનોખુ વહીવટી એકમ બન્યું છે.. એ સાચું છેકે અંગ્રેજોના આગમન પછી ગામડામાં ધણા ફેરફારો આવ્યા છે. પ્રાચીન કલ્પના પ્રમાણેનું ગામડું હવે જોવા મળે તેમ નથી. વિશેષત: સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહાર તેમજ શિક્ષણ ક્ષેત્રે થટેલી ક્રાંતિને લીધે અને અંગ્રેજી સત્તાના કેન્દ્રીકરણ ને કારણે વહીવટી ક્ષેત્રે આમૂલ ફેરફારો સર્જાયા છે. તેમજ ભારતમાં 'ગામડું' હજુ પણ વર્ષા સુધી વહીવટી એકમ તારીકે ચાલુ રહેશે,તેમાં કોઈ શંકા નથી.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે 'ગામ'નો વિકાસ થતાં અને વસ્તી અને વિસ્તાર વધતાં ગામો નગર પંચાયતો,નગર પાલિકા અને મહાનગરપાલિકાઓમાં ફેરવાયા.

## Reference

**Chapter II. (n.d.).** Historical Background of Rural Development in India.
**Chapter - V. (n.d.)**. Historical Background of Rural Development.
**Agarwal S. (n.d.).** "Pre-Post Rural Development". International Journal of Socio-Legal Analysis and Rural Development 2 (2019): 97-106.
**Calatrava J.** "Origin and evolution of rural development concept and policies: From Rural Communities to Territories. Old and New Worlds: The Global Challenges of Rural History | International Conference, Lisbon (2016).
**Chapter 2. (n.d.).** Rural Development Before and After Independence.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ319623